તાપમાન
મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૨૦ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૫૭ | ૮ મે, ૨૦૧૬, રવિવાર ; વૈશાખ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ગુજરાત લાયન્સ-કોલકાતા નાઇટ વચ્ચે આજે જંગ

કોલકત્તા,તા. ૭

હાઇ પ્રોફાઇલ ઇન્ડિયન પ્રિમિયર લીગમાં આવતીકાલે બે ટોપ ટીમો આમને સામને આવનાર છે. આ મેચમાં ગુજરાત લાયન્સ અને કોલકત્તા નાઇટ રાઇડર્સ વચ્ચે ટ્વેન્ટી-૨૦ જંગ ખેલાશે. બન્ને ટીમો પોઇન્ટ ટેબલમાં ટોપના સ્થાને રહેવા માટે સ્પર્ધા કરતી નજરે પડનાર છે. મેચ ખુબ રોમાંચક બનવાની શક્યતા છે. ગુજરાતની ટીમ હાલમાં સતત હારી રહી છે. પ્રથમ તબક્કામાં શરૂઆતની તમામ મેચો જીતી લીધા બાદ હવે તેની સતત હાર થઇ રહી છે. જેથી તે હવે હારના સિલસિલાને રોકવા માટે તૈયાર છે. પોઇન્ટ ટેબલમાં એકબાજુ કોલકત્તા નાઇટ રાઇડર્સ ૧૨ પોઇન્ટ સાથે પ્રથમ સ્થાને છે. જ્યારે ગુજરાતના પણ ૧૨ પોઇન્ટ છે. જો કે કોલક્તા વધારે સારા નેટ રનરેટ સાથે પ્રથમ સ્થાને છે. આવી સ્થિતીમાં ગુજરાતને પણ પ્રથમ સ્થાને પહોંચી જવાની તક છે. બીજી બાજુ કોલકત્તા પોતાની સ્થિતીને વધારે મજબુત બનાવી દેવા માટે હવે તૈયાર છે. બે સફળ ટીમોના કેપ્ટન ગૌતમ ગંભીર અને સુરેશ રૈનાની પણ કસૌટી થનાર છે.

બન્ને ટીમમાં રહેલા સ્ટાર ખેલાડી પર તમામની નજર રહેશે. આ મેચનુ પ્રસારણ રાત્રે રાત્રે આઠ વાગ્યાથી કરવામાં આવનાર છે.

# ભાજપ-કોંગ્રેસનું પારસ્પરિક સેટિંગ : કેજરીવાલ

## સોનિયા ગાંધીની ધરપકડ કરવાની મોદીમાં હિંમત નથી : જંતરમંતર ખાતે રેલીને અરવિંદ કેજરીવાલનું જોરદાર સંબોધન



નવી દિલ્હી,તા. ૭

ઓગસ્ટા વેસ્ટલેન્ડ હેલિકોપ્ટર સોદાબાજી મામલે મોદી સરકાર અને કોંગ્રેસ એકબીજા ઉપર આક્ષેપોમાં વ્યસ્ત છે ત્યારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે કહ્યું હતું કે, સોનિયા ગાંધીની ધરપકડ કરવાની વડાપ્રધાન પાસે પુરતી હિંમત નથી. કારણ કે બંને પક્ષો ભ્રષ્ટાચારમાં ગઠબંધન ધરાવે છે. વડાપ્રધાનની બોગસ ડિગ્રીના મુદ્દે કોંગ્રેસ ઉપર પ્રશ્નો કરતા કેજરીવાલે કહ્યું હતું કે, બંને પક્ષો સેટિંગ ધરાવે છે જેના ભાગરુપે એવું નક્કી થયેલું છે કે ભાજપ સરકાર હેલિકોપ્ટર કાંડમાં સોનિયા ગાંધીની ધરપકડ કરશે નહીં અને કોંગ્રેસ આના બદલામાં મોદીની શૈક્ષણિક લાયકાતનો મુદ્દો ઉઠાવશે નહીં. ઈટાલિયન કોર્ટે પણ સોનિયા ગાંધી, અહેમદ પટેલ, ચોક્કસ અધિકારીઓ અને કોંગ્રેસના સભ્યોના નામ આપ્યા છે પરંતુ મોદી સોનિયા ગાંધીની ધરપકડ કરવાની પુરતી હિંમત કરી રહ્યા નથી. મોદી પુછપરછ કરવા માટે પણ પ્રશ્નો ઉઠાવી રહ્યા નથી. પગલા લેવા માટે મોદીને વડાપ્રધાન બનાવવામાં આવ્યા છે. આ કામગીરી ઈટાલી કોર્ટની નથી. જો સોનિયા ગાંધીને જેલ

● અનુસંધાન પાન-૭ પર

# ભરૂચ ડબલ મર્ડર કેસમાં ૧૦ સામે ચાર્જશીટ

## દાઉદના ૧૦ સાથી સામે એનઆઈએ સ્પેશિયલ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી

અમદાવાદ,તા. ૭

નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ) દ્વારા એનઆઈએ સ્પેશિયલ કોર્ટમાં ભરુચ ડબલ મર્ડર કાવતરા કેસમાં સામેલ ૧૦ આરોપી સામે આજે ચાર્જશીટ દાખલ કરી હતી. કોર્ટે માર્ચ મહિનામાં આ કેસના સંબંધમાં પાકિસ્તાન સરકારને લેટર્સ રોગેટરી (એલઆર) મોકલીને આ દિશામાં તપાસ હાથ ધરી હતી. આ કેસ બીજી નવેમ્બર ૨૦૧૫ના દિવસે ગુજરાતના ભરુચમાં ભાજપના બે સ્થાનિક નેતાઓ સીરીઝ બંગાળી અને પ્રગ્નેશ મિસ્ત્રીની પોઇન્ટ બ્લેંક રેંજથી ગોળી મારીને હત્યા કરવા સાથે સંબંધિત છે. આ ચાર્જશીટમાં ડોન દાઉદના ૧૦ સાથીઓના નામનો ઉલ્લેખ છે. એનઆઈએ દ્વારા કોર્ટમાં ત્રણ અરજી કરીને કેટલાક સાથીઓના નામ જાહેર ન કરવા માટે કહ્યું છે. મામલો અન્ડરવર્લ્ડ સાથે જોડાયેલો હોવાથી એનઆઈએના સાક્ષીઓના નામ ગુપ્ત રાખવા કહેવામાં આવ્યું છે. ડોન દાઉદ દ્વારા દેશમાં સાંપ્રદાયિક તંગદિલી ફેલાવવા માટે ખતરનાક કાવતરુ ઘડ્યું હતું. દાઉદે મોદી સરકાર અને સંઘની સામે કાવતરાઓ ઘડ્યા હતા. એનઆઈએ દ્વારા દાવો કરાયો છે કે, પાકિસ્તાનમાં છુપાયેલા દાઉદના નિશાના ઉપર ધાર્મિક અને સંઘના નેતાજ ન હતા બલ્કે ચર્ચ પણ હુમલાની પણ યોજના હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આ સભ્યોને દેશમાં મોદી સરકાર બન્યા બાદ તરત જ દેશના જુદા જુદા ભાગોમાં

● અનુસંધાન પાન-૭ પર


ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે
ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬














